ગાંધીનગર સમાચાર
તા. ૫-૧૨-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

આખરે, નારાયણ સાંઈ પકડાયા

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચ દ્વારા કુરુક્ષેત્ર નજીક પીપળીના પેટ્રોલ પંપ પાસેથી અઢાવન દિવસથી પોલીસને હાથતાળી દઈ છુપાતા ફરતા નારાયણ સાંઈને ઝડપી લેવાતાં એક મોટી સફળતા હાંસલ થવા પામી છે. ગુજરાત પોલીસ જ્યાં સરેઆમ નિષ્ફળ ગઈ ત્યાં દિલ્હી પોલીસને ઝળહળતી સફળતા સાંપડી છે, તેથી તે જરૂર અભિનંદનને પાત્ર છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી હોવા છતાં મીડિયા પર નારાયણ સાંઈના સમાચારોએ કબજો જમાવ્યો છે તે આ ઘટનાનું મહત્ત્વ દર્શાવે છે. નારાયણ સાંઈ વિવાદાસ્પદ સંત આસારામના સીધી લીટીના વારસદાર છે અને પિતાના પગલે એમણે કામકલા ક્ષેત્રે અદ્‌ભુત પરાક્રમો કરી બતાવ્યાં છે. એમની વિરુદ્ધ પણ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો થઈ ત્યારે એ સમજી ગયા હતા કે કરોડો અનુયાયીઓ ધરાવતા પિતાશ્રીની જેમ પોતાને પણ એકવાર પોલીસે ઝડપી લીધા તો પછી જેલમાંથી બહાર નીકળવાની શક્યતા નહીંવત જ રહેશે. નારાયણ સાંઈ એકવીસમી સદીના ધર્મકારણની એક અદ્‌ભુત તિલસ્મી ઘટના છે, જેને આટ આટલા પાપચાર પછી પણ હજી લાખો અનુયાયી પવિત્ર સમજે છે અને એનામાં શ્રીકૃષ્ણનાં દર્શન કરી કૃતકૃત્યતા અનુભવે છે. આસારામનું સામ્રાજ્ય વિસ્તારવામાં નારાયણ સાંઈનો સિંહ ફાળો રહ્યો છે. છેલ્લે છેલ્લે તો નારાયણ સાંઈની આસારામથીય સવાઈ આભા ધરાવતા કામુક ધર્માધ્યક્ષ તરીકેની છાપ ઊભી થઈ હતી. ત્યાં સુધી કે એમણે કયારેક કોઈ છોકરીને આસારામની કુટીરમાં કેમેરા સાથે મોકલાવીને એમનું સ્ટીંગ ઑપરેશન સુધ્ધાં કરાવવાનો મનસૂબો સેવ્યો હતો, જેથી આસારામ સ્વયંભૂ સંન્યાસ સ્વીકારી લે અને સમગ્ર સામ્રાજ્ય પોતાના હસ્તક આવી જાય. સુરતની બે બહેનો સાથેના દુષ્કર્મની ફરિયાદ પછી નારાયણ સાંઈના માથે પોલીસ અને કાનૂનનો સકંજો મજબૂત બની ગયો હતો, છતાં ગુજરાત પોલીસ એને પકડવામાં નિષ્ફળ રહી; એ પકડાયો તો દિલ્હી પોલીસના હાથે. આથી સુરત પોલીસની ક્ષમતા અને દાનત પર પણ શંકાનાં વાદળ ઘેરાયાં છે. પાંચ લાખનું ઈનામ જેના માથે હોય એને તો આરોપી નહીં, ગુંડો જ ગણવો પડે. ચક્રપાણિ જેવા ચમચા એનો ગમે તેટલો બચાવ કરવા મથે, એને હિંદુ ધર્મ વિરુદ્ધનું કાવતરું ગણાવતા ફરે એથી લોકોની આંખોમાંથી ઊતરી ગયેલા આ સાધુના વેશમાં ફરતા શયતાનોને બચાવી શકાશે નહીં. દુનિયા આખીને મૂર્ખ બનાવતા રહેલા બાપદીકરાનાં પાપનો ઘડો છેવટે ફૂટી ગયો છે. હવે નારાયણ સાંઈને એમની પાપલીલાઓનાં અપવિત્ર સ્થળોએ પ્રદક્ષિણા કરાવાશે, એમનો પણ પૌરુષ-ટેસ્ટ કરાશે, એમની વિરુદ્ધ ફરિયાદ કરનારી મહિલાની હાજરીમાં સવાલ જવાબ થશે. આસારામની સામે બેસાડીને પણ સવાલ જવાબ કરાશે. કરોડોની સંપત્તિ ગેરકાયદેસર રીતે દબાવીને દેશભરમાં જુદા જુદા આશ્રમો સ્થાપી ઐયાશી ભોગવનારા પિતા-પુત્રને હવે એમનાં કર્યાં કર્મ ભોગવવા વારો આવ્યો છે. એમને કોઈપણ અદાલત છોડવાની નથી, કારણ કે ધર્મના નામે એમણે ભોળી અને ભીરુ પ્રજા સાથે આજ લગી નરી છેતરપિંડી જ કરી છે. અનેક સ્ત્રીઓનું યૌન શોષણ કરનારા નારાયણ સાંઈ એ કોઈ પુરાણ કથાના ખલનાયક જેવો લાગે છે, જેણે જપ-તપ-અનુષ્ઠાન કે મેલી વિદ્યાના આધારે ખુદ ઈશ્વરને પણ ઉલ્લુ બનાવી ધર્મનો દ્રોહ કરેલ છે. પકડાયા ત્યારે નારાયણ સાંઈ શીખના વેશમાં હતા. એમની સાથે એમનો હનુમાન અને ડ્રાઈવર પણ પકડાયેલ છે. બે-બે મહિના સુધી પોલીસને હાથતાળી દઈ શકનારા નારાયણ સાંઈના ચહેરા પર હજી જાણે વિજેતાનું સ્મિત ફરકે છે, તે જ એની લુચ્ચાઈની પરાકાષ્ઠા નથી શું? આ દેશની પ્રજા આવા ધર્મના નામે ધતિંગ ચલાવનારા ગુંડાઓને ભગવાન માની બેસે છે, તેને તો ઉપરથી સાચો ભગવાન ઊતરી આવે તો પણ શી રીતે બચાવી શકે? નારાયણ સાંઈ વિરુદ્ધ બેશુમાર જમીન કબજાવવાના અને અનેક સ્ત્રીઓના યૌન શોષણનો આરોપ તો છે જ, એને આવા અઘટિત સંબંધોથી સંતાનો પણ થયાં હોવાનું બહાર આવ્યું છે. ધર્મના નામે આવા ધુતારાઓ રાજકીય આગેવાનોને પણ ઊંઘા પાડતા રહ્યા છે. નારાયણ સાંઈના અધ્યક્ષ પદે એક રાજકીય પાર્ટી પણ બની ગઈ હોવાનું જાહેર થયું છે. હવે બાપ-બેટાની પાપલીલાઓની સિલસિલાવાર હકીકતો બહાર આવવા લાગશે ત્યારે એમને છાવરનારા રાજકારણીઓના ચહેરા પણ ખુલ્લા થયા વગર રહેશે નહીં.

સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગેનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાઓ શેઠ સી.એમ. હાઈસ્કૂલ, શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ તથા શ્રીમતી આર.જી. કન્યા વિદ્યાલયના સંયુકત ઉપકમે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને પરીક્ષા તથા તેની તૈયારીના સમયે થતા સ્ટ્રેસને દૂર કરવા તથા સુંદર પરિણામ લાવવાના હેતુથી એક સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામનું આયોજન ઉમા આર્ટસ તથા નાથીબા કોમર્સ કોલેજના હોલમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ કથાકારશ્રી ભૂપેન્દ્રભાઈ પંડયા વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષાનો હાઉ ભારતભરમાં છે. વળી દુનિયાભરમાં સફળ થવું હોય તો સ્ટ્રેસ તો લેવો જ પડે છે. પરંતુ આ તણાવને વિદ્યાર્થીઓએ પોઝીટીવ લેવો જોઈએ. ક્રિકેટર પ્રત્યેક બોલને સમજીને ફટકારે છે તેમ વિદ્યાર્થીઓએ જીવનમાં આવતી તમામ પરીક્ષાઓ તથા પડકારોને હકારાત્મક જોવી જોઈએ તથા તેનો મકકમ થઈને સામનો કરવો જોઈએ. આવી તમામ પરીક્ષાઓની સફળતા અને નિષ્ફળતા જ જીવનને આગળ વધારે છે. સફળતા સારી બાબત છે. પરંતુ નિષ્ફળતાનું પણ મહત્વ છે. જેના દ્વારા જીવનમાં ઘણું શીખવા મળે છે. નિષ્ફળતાઓને પચાવીને સફળ બનવું તથા સફળ થવું ખુબ જ જરુરી છે. તેવી સુંદર વાત તેમણે કરી વિદ્યાર્થીઓએ સ્ટ્રેસને પચાવીને સફળતા મળે તે માટે શુભેચ્છા પણ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ લાયોનેસ કલબના પ્રમુખ આરતીબેન ભટ્ટ અને કેમ્પસ ડાયરેકટરશ્રી સોમભાઈ પટેલ અને સર્વે ભગીની સંસ્થાઓના આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ, બચુભાઈ પટેલ, સુધાબેન પટેલે હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સાબર કોલેજ દ્વારા નોટબુક અને કંપાસ બોક્સનું વિતરણ

ગત તા. ૩જી ડિસેમ્બરના રોજ પ્રયાસ ફાઉન્ડેશન દ્વારા સંચાલીત સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ તથા સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજેન્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાની બાલવા સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટ બુક તથા કંપાસ પેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરથી ૧૦ કિ.મી. દૂર આવેલ બાલવાની સરકારી પ્રાથમિક શાળામાં ૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં મહદ્‌અંશે આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ ભણતા હોય છે. ખેત મજૂર તથા કારીગર વર્ગના વિદ્યાર્થીઓ માટે સાબર કોલેજ દ્વારા દરેક મોટા વિદ્યાર્થીઓને કંપાસ બોક્સ તથા એક નોટબુક આપવામાં આવી. જે વિદ્યાર્થીઓ ધો. ૧ અને ૨ માં ભણતા હતા. તેમને પેન અને સ્કેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓર્પોચ્યુનીટીના સી.ઈ.ઓ. સંદિપ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી સંદિપભાઈ પટેલ તથા ડાયરેકટર પ્રવેશ ભાદવિયા અને સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા. બાળકોના ચહેરા પરની ખુશી જોઈ બધા આનંદિત થયા હતા.

નબળા વિદ્યાર્થીઓનું પરિણામ સુધારવા વાલી અને શિક્ષકોની ચિંતન બેઠક યોજાઈ

ધો-૧૦ના પ્રથમ સેમેસ્ટરમાં નબળું પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓમાં સુધાર લાવવા સહચિંતન કરાયું

ગાંધીનગર, તા.૪

ધો-૧૦ના નબળા વિદ્યાર્થીઓનું પરિણામ સુધારવા સે-૨૩ સ્થિત કડી કેમ્પસની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વાલીગણ તેમજ શિક્ષકો વચ્ચે સહચિંતન યોજવામાં આવ્યું હતું. શેઠ સી.એમ. હાઈસ્કૂલના શિક્ષકોએ વિદ્યાર્થીઓના અભ્યાસને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા સૂચનો કર્યા હતા.

ધો-૧૦ના વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાને આધારે જે વિદ્યાર્થીઓનું પરિણામ ઓછું આવ્યું હતું તેમનું પરિણામ સુધરે તેના ભાગ રૂપે ઓછું પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓની એક બેઠક શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ગોઠવવામાં આવી હતી.

આ વાલી મિટિંગમાં વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓની સાથે શાળાના શિક્ષકો જોડાયા હતા. નબળું પરિણામ લાવનાર વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થાય તથા તેઓ સારું પરિણામ લાવે તે માટે સહ ચિંતન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં માધ્યમિક વિભાગના સુપરવાઈઝર હરિભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ દ્વારા શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓના પરિણામ સુધારણા માટે થઈ રહેલા વિવિધ પ્રયત્નો તથા કાર્યોની માહિતી આપી હતી. વાલીઓને નિયમિત રીતે વિદ્યાર્થીઓ દ્વારા ગૃહકાર્ય કરવામાં આવે તથા તેઓ શાળા દ્વારા અપાયેલ કાર્યની નોંધ વ્યવસ્થિત કરે છે કે નહીં તે અંગે શાળાના શિક્ષકો સાથે સંકલન કરે તેમ પણ સૂચવાયું હતું.

આ તબક્કે વાલીઓ દ્વારા પણ કેટલાક હકારાત્મક સુચનો કરવામાં આવ્યા હતા. શાળા આવા વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગો તથા વિદ્યાર્થીઓને વિશેષ પરીક્ષાઓ દ્વારા પરિણામ સુધારા માટે પ્રયાસ કરવામાં આવે છે જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકે તે માટે વાલી પણ તેનું યોગ્ય રીતે ધ્યાન આપે તેમ આચાર્ય દ્વારા સૂચવાયું હતું.

પ્રજ્ઞાચક્ષુઓની સંગીત અને એથ્લેટિક્સ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

સ્વામિ વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આયોજિત સંગીત મહાકુંભનું આયોજન તા. ૧ ડિસેમ્બરના રોજ અંધશાળા સે. ૧૬ ખાતે યોદજવામાં આવી હતી. આ સ્પર્ધા પાંચ વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં શાસ્ત્રીય, સુગમ અને ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ૧૨૪ પ્રજ્ઞાચક્ષુઓએ ભાગ લીધો હતો. તેમજ વિકલાંગ ખેલ મહાકુંભમાં શતરંજ, દોડ અને એથ્લેટિક્સ રમતમાં ૩૬૧ નેત્રહીનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કમલકિશોર જૈન ડાયરેક્ટર કલ્પતરૂ પાવર અને ગૌતમભાઈ પટેલ પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત અમદાવાદ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

હાશ સાહેબ, હવે કોઇ આધ્યાત્મિક સંત, ધર્મગુરુને પકડવાનું કામ અમને ના સોંપશો... !!

ખેલ મહાકુંભમાં આદર્શ નિવાસી શાળાના કુમારો અને કન્યાઓ ખિલી ઉઠયા

ગાંધીનગર, તા. ૪

મહાનગર પાલિકા દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૧૩માં શહેરની સ્કૂલો પૂરબહારમાં ખિલી ઉઠી છે ત્યારે આદર્શ નિવાસી શાળા, સે. ૧૩ના વિદ્યાર્થીઓ પણ ખિલી ઉઠયા છે.

ખેલ મહાકુંભ દ્વારા આયોજીત ઝોન-સીમાં આદર્શ નિવાસી શાળાની બહેનોએ કબડ્ડીમાં ફાઈનલમાં પ્રવેશી રનર્સઅપ રહી હતી. જયારે એથ્લેટિક્સ સ્પર્ધામાં અન્ડર-૧૬માં બહેનો ૪૦૦ મી. દોડમાં, ૮૦૦ મી. દોડમાં, ગોળાફેંક, ચક્રફેંક અને ઊંચીકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જયારે ૧૬ વર્ષ ઉપરમાં ૧૦૦, ૨૦૦, ૮૦૦ મીટર અને ગોળાફેંકમાં બીજો ક્રમાંક મેળવ્યો હતો. તમામ સ્પર્ધકો જિલ્લાકક્ષાએ રમવા જશે.

કબડ્ડી સ્પર્ધા અને એથ્લેટિક્સ સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનિઓએ વિજયી પ્રદર્શન કરતા શાળા પરિવાર અને આચાર્ય બારૈયાસાહેબ અને કુસુમબેન ચૌહાણે અભિનંદન પાઠવ્યા છે.

આધ્યાત્મિક ચિંતન અને શિક્ષણના મૂલ્યો વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે તા. ૩-૧૨-૧૩ના રોજ તાલીમાર્થીઓને આધ્યાત્મિક જ્ઞાન અને શિક્ષણના મૂલ્યોની સમજ કેળવાય તે હેતુથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં ડૉ. કુસુમબેન યાદવે મહેમાનોનો શાબ્દિક પરિચય આપ્યો હતો અને પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાંથી ઉપસ્થિત રહેલા ડૉ. હરિશભાઈ શુક્લએ જીવનમાં પ્રાર્થનાનું મહત્વ, ૐ શાંતિ મહામંત્રનું મહત્વ, આત્માનો શરીર સાથેનો સંબંધ, સ્થૂળરૂપ પરમાત્માના ગુણ, શિક્ષણનું જીવનમાં મહત્વ વિગેરેની ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી અને ત્યારબાદ પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની માહિતી આપી હતી. કાર્યક્રમમાં પ્રજાપતિ બ્રહ્માકુમારીમાંથી કૈલાસ દીદી, તારાબેન, રચનાબેન જોશી, લલિતભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બાલિકા જન્મોત્સવ અંતર્ગત માતા-પિતાનું સન્માન કરવામાં આવ્યું

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા આજ રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બાલિકા જન્મોત્સવ કાર્યક્રમ અંતર્ગત માતા પિતાનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નવજાત બાલિકા જન્મોત્સવ અને પૂજન કાર્યક્રમમાં માતા પિતાનું સન્માન કરી માતાઓને ફુટ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દિનાબેન ભટ્ટ અધ્યક્ષ મહિલા મોરચા ભાજપ, રિટાબેન પટેલ-મહામંત્રી, સરોજબેન મેદરા તેમજ શહેરના તમામ મહિલા કાઉન્સિલરો અને સંગઠનની મહિલા હોદ્દેદારો હાજર રહ્યા હતાં.

સમજનો સંબંધ પ્રજ્ઞા સાથે છે પ્રજ્ઞાથી પ્રાપ્ત જ્ઞાનથી જીવનમાં સત્વ પ્રગટે છે જે પરમ શક્તિશાળી ગણાય

સંસ્કાર ચિંતન
- અનંત ન. વ્યાસ

નાસતો વિદ્યતે ભાવો ,નાભાવો વિદ્યતે સતઃ
અભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયો સ્તત્વદર્શિનઃ ॥
શ્રીમદ્ ભ.ગી.અ.૨.૧૬

'અસત પદાર્થનું અસ્તિત્વ નથી અથવા તેની કોઈ સત્તા નથી. અને સદ્ તત્વનો અભાવ નથી તે વ્યાપક છે. તત્વજ્ઞાનીઓએ આ બંને વચ્ચેનો ભેદ પૂર્ણપણે જાણ્યો છે.'

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં અમર જ્ઞાન પીરસ્યું છે. તેમાંનું આ અતિ મહત્વનું રત્ન કણિકા સમાન જ્ઞાન છે. આ વાત કહેતા ભગવાનના મનમાં શા ભાવ કે લાગણીઓ હશે તે આપણે જાણતા નથી અને બધા જ ભાવો કંઈ શબ્દમાં વ્યક્ત ન પણ થાય. કેટલીક વાતો આસપાસના સંદર્ભોથી વ્યંજકતાથી કે ભાવ-ભગીથી સમજવા પડે. આ અધ્યાપનો સંદર્ભ લેતા તો દેહની ક્ષણિકતા તથા આત્મ ત્વની નિત્યતા વિષયક ઉલ્લેખ છે. આ શરીરને સૌ શાસ્ત્રોએ સહજ રીતે નાશવંત કહ્યું છે. તેથી વ્યાપક ક્ષેત્ર પર તેની કોઈ કાયમી અસર નથી. જ્યારે આત્મતતા નિત્ય કોઈ પ્રભાવક બળ છે. ગીતાએ વેદોના સારરૂપ તથા ઉપનિષદોના પ્રાણ રૂપ છે. જે વાતો ઉપનિષદોમાં વારંવાર કહેવાઈ છે તેજ સત્ તથા અસદ તત્વની વાત ભાવ તથા અભાવ શબ્દો દ્વારા વ્યંજિત થઈ છે. ગીતા માત્ર વાંચવાનો ગ્રંથ નથી આત્મસાત કરવાનો, વારંવાર અધ્યયન કરવાનો ગ્રંથ છે મનન પૂર્વક તેનો અભ્યાસ કરાય તો આપણા ચિત્તમાં રૂઢ થઈ ગયેલા કેટલાક સંસ્કારો તથા માન્યતાઓના પાશમાંથી છૂટી શકાય. પ્રચલિત સંસ્કારો આપણો કેડો છોડતા નથી. જેમ કે સ્વર્ગ તથા નરકને લગતી વાતો સામાન્ય માણસનું મન તેમાં ફસાય છે. જ્યારે ગીતાનો અભ્યાસી પરમ શાંતિ પામે છે. ગીતા સદ અસત વચ્ચે વિવેક કરવાનું શીખવે છે. પ્રાચીન ઋષિમુનીઓ એ જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તેજ જ્ઞાન ગીતા આપણને પીરસે છે.

આ શ્લોકનું પ્રથમ પદ છે. નાસતો વિદ્યતે ભાવો અસતનું અસ્તિત્વ નથી . તેની કોઈ સત્તા નથી. પણ આપણા રોજબરોજના જીવનમાં આપણે શું અનુભવીએ છીએ. તદ્દન વિપરિત વાત. જ્યાં જુવો ત્યાં ત્યાં માત્ર અસદ્‌ની જ બોલબાલા છે. વ્યાપક પણે તો એ જ નજર પડે છે પણ આનુ કારણ છે. અભારતીય સંસ્કૃતિ આપણા મનમો કબજો લઈ બેઠા છે. તેના મુખ્ય લક્ષણો છે પદાર્થ પરાયણતા, પરિગ્રહ તથા વધારેમાં વધારે ભોગ-ભોગવવાની વૃત્તિ. તે સંસ્કૃતિની વિચારધારામાં માત્ર દેહ જ કેન્દ્ર સ્થાને છે. પરિણામે જે કંઈ કર્મો કરવામાં આવે તે સ્વાર્થે કરવાના હોય છે. કર્મો તો યજ્ઞાર્થે કરવાના હોય છે તે વાત વિસરાઈ ગઈ છે. ગુણવત્તા સભર કર્મનું કોઈ મૂલ્ય નથી. રાજકીય ક્ષેત્રે તથા આર્થિક સ્તરે થતાં કર્મોમાં મૂલ્યહિનતા જ દેખાય છે સંસાર ભૌતિકવાદને જ જીવનનું આદર્શ દર્શન માની બેઠા છે. વિકાસની પરિભાષા પણ બદલાઈ. વિકાસ એટલે આંતરિક ગુણોનો વિકાસ નહીં. આત્મા-વિકાસ નહી પણ ભોગના સાધનો તથા વિનાશ કરવાના સાધનોનો વિકાસ તેવો થાય છે. દેહની સુરક્ષા માટે સુખના વધારેમાં વધારે સાધનો પોતાના કબજામાં હોવા જોઈએ તેમ મનાય છે. દેહ જ પ્રધાન તત્વ છે. તેવી ચર્વાકની માન્યાતા પુનઃપ્રચલિત બની છે.

આવી પરિસ્થિતિમાં ગીતાનું આ પદ શું માર્ગદર્શન આપે છે. બ્રાહ્ય રીતે જોતાં તો અસત્યનું અસ્તિત્વ નથી તેમ વિચારવું વિષમ ગણાય. તેથી આ વિધાનના મૂળમાં જવું પડે. પણ ભગવાન અસદ કોને કહે છે તે વિચારીએ આપણે તો દેહ અને જીવનને પર્યાય માની લીધા છે. અને જે કંઈ કરીએ છીએ તે દેહના દૈહિક સુખ માટે કરવામાં આવે છે. પણ દેહને આધાર માની જે દાખલો ગણ્યો તે આધર જ ખોટો હોય તો? આજ સ્થિતિ છે. ખબર પડે કે દેહ અવિનાશી નથી અનિત્ય છે તો ઉપરની તમામ રચના તૂટી પડવાની. એકવાર વ્યક્તિને ખબર પડી જાય કે આ પદાર્થમય સૃષ્ટિ નશ્વર છે તો તેનો મોહ છૂટે ને દેહની સત્તા તૂટે. આમ તો તેની કોઈ સત્તા નથી પણ વ્યક્તિને સત્યનું જ્ઞાન થાય. આપણી જીવનશૈલી, જીવનની પદ્ધતિ બદલાવવી જોઈએ. દૃષ્ટિ બદલાશે તો વૃત્તિ પણ બદલાશે. દેહતા પ્રભાવ નીચે થતા કર્મોમાં રુકાવટ થશે દેહના મિથ્યાતાનું ભાન થતાં તેનો પ્રભાવ આત્મા પર નહી પડે. આત્મા જ બળવાન છે. મિથ્યાને છોડવાનું સાહસ કરવું જોઈએ. જે મિથ્યા છે તેને પકડવાથી શો લાભ. દેહને મિથ્યા માનીએ અને પાછા તે માટે આસક્તિ ધરાવીએ એ તો બાલીશતા ગણાય. દેહાશક્તિ છોડશું તો અધ્યાત્મ તરફ ગતિ કરી શકશું.

નામાવો વિદ્યતે સતઃ આ બીજું પદ તો વેદ અને ઉપનિષદના સારરૂપ છે. જે સત્ છે તેનો ક્યાંક અભાવ નથી તે તો અણુ અણુ મહીં વ્યાપેલું છે આ સહ તત્વ આત્માના નામે, પરમાત્માના નામે તો કેટલાકના મતે પાયાની વ્યાપક ઊર્જા યા કોઈ શક્તિના નામે ઓળખાય છે. વિમલા તેને પરમ સત્તા કહે છે કારણ તે તો સર્વોપરી છે આપણા દેહમાં ભૌતિક તથા માનસિક ગતિવિધિ સતત ચાલતી હોય છે. ઋષિઓ તેને જીવનનો બહિરંગ કહે છે જ્યારે જે સત્તા વિચારોના આંદોલતનો ધારણ કરે છે વિચારોનું વહન કરે છે અને વિચારો જેમાં લય પામે છે તે આપણું અંતરંગ તત્વ છે. આંતર બ્રાહ્ય ગતિ અને સ્થિતિનું મિલન પરમ તત્વ તરફ જીવનને દોરી જાય છે. કેન ઉપનિષદમાં ઈન્દ્રિયોની શક્તિ નહીં પણ એ ઈન્દ્રિયની શક્તિ જેના વડે છે તે આત્માને સર્વ સત્તામય કહ્યો છે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ આત્માને મન તથા બુદ્ધિ કરતાં સૂક્ષ્મ વ્યાપક અને બળવાન ગણાવ્યો છે આમ આત્માજ સદ્ તત્વ છે જેનો પ્રભાવ વ્યક્તિ પર રહે છે. જેમ અસદ્ ભાવ માટે વાસ્તવિક જીવન તથા સમાજનું દર્શન કર્યું તેમ આત્માના વ્યાપક ભાવ સમજવા માટે પણ સમકાલીન સમાજનું દર્શન કરવું જોઈએ.

સમાજમાં વધતા જતા અસદ્‌ના બળ સામે ટક્કર ઝીલવા યુગે યુગે મહાત્માઓના આર્વિભાવ થતો રહે છે. સમાજને વારંવાર પોતાનો માર્ગ ભુલવાની ટેવ છે પણ પ્રેરક આત્મબળ ધરાવનાર તેને પાછા સાથે રસ્તે લાવે છે દૈહિક સુખ પાછળ દોડનાર પણ સાથે રસ્તે લાવે છે. દૈહિક સુખ પાછળ દોડનાર પણ અંતે પસ્તાય છે ને આ પરમ સત્ આત્માને શરણે જાય છે કારણ એ અવિનાશી નિત્ય છે. શાશ્વત છે. શરીરના નાશ થવા છતાં જેનો નાશ થતો નથી તે અવિચલ તત્વને જાણવા પામવા પ્રયત્ન કરવો જોઈએ અને તે માટે જીવનને પણ યોગ્ય રીતે જાણવું જોઈએ. જીવનને સાચા સ્વરુપમાં જાણવાના પ્રયત્નો આપણે ત્યાં ઘણા વહેલા થયા છે ભારતની એ મહત્તા છે કે હજારો વર્ષ પહેલાં આપણે ત્યાં જીવનનું એક અતિ વૈજ્ઞાનિક દર્શન વિકસ્યું હતું જે સમગ્ર વિશ્વમાં અધ્યાત્મના નામે જાણીતું બન્યું. તેમાં જીવનને જ સર્વોત્તમ પવિત્ર માનવામાં આવે છે. જીવનની પવિત્રતા આજે આપણા ચિત્તમાંથી ખસી ગઈ છે. પરિણામે અસદ્‌નો ફેલાવો થતો રહે છે.

આત્મ તત્વનો સ્વીકાર કરવાથી ચિત-મન કે બુદ્ધિની કોઈ અવગણના કરાતી નથી. બુદ્ધિ દ્વારા કરાતા વિચારો, તેનાથી ઉપાર્જિત જ્ઞાન તથા અનુભવોનો સ્વીકાર કર્યા પછી પણ તેનાથી પર કોઈ એવું તત્વ કે સત્તા છે તેનો આપણને ખ્યાલ આવે છે જેનો સ્પર્શ અધ્યાત્મમાં થાય છે જેને જ્ઞાન દ્વારા નથી પમાતું . તેને પામવા માટે સમજણની જરૂર છે. સાચી સમજ તથા અનુભૂતિથી તેને જાણી શકાય છે. સમજનો સંબંધ પ્રજ્ઞા સાથે છે પ્રજ્ઞાથી પ્રાપ્ત જ્ઞાનથી જીવનમાં સત્વ પ્રગટે છે જે પરમ શક્તિશાળી ગણાય. આમ આ શ્લોકનું બીજું પદ તો પરમાત્માની વ્યાપકતાનો નિર્દેશ કરે છે. તે જ અણુ અણુ મહિ વ્યાપ્ત છે. તેના પ્રતાપમાં આ વિશ્વનું સંચાલન થાય છે. તેની ઈચ્છાવિના એક પાન પણ હલતું નથી. શ્લોકનો અર્ધભાગ-ત્રીજું અને ચોથું પદ આ બંને વચ્ચે જે તાત્વિક તફાવત છે તેનો નિર્દેશ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે. આ બંને તત્વોની વાત હું નથી કહેતો આ તો પૂર્વ મુનિઓએ કહેલી વાત છે. મારા પોતાનું કંઈ નથી જે તત્વજ્ઞાનીઓ થઈ ગયા અને ભવિષ્ય જે કોઈ થવાના છે તે પણ આમ જ કહેવાના વ્યક્ત સાથે સાથેનાં સંબંધ ઈન્દ્રિયો દ્વારા થાય છે જ્યારે અવ્યક્ત સાથેનો સંબંધ તો શ્રવણથી થાય છે. શ્રવણ યોગ્ય રીતે ફળદાયી થાય તે માટે બુદ્ધિમાં સ્થિરતા હોવી જોઈએ. ચિત્ત સંતુલિત હોય તો પરોક્ષ અનુભૂતિની સંભાવના વધે છે. આપણને મોટાભાગે યાંત્રિક જીવન પસા ર કરીએ છીએ. ટેવોમાં જ જીવીએ છીએ. પદાર્થ જેમ વિચારોને પણ પરિગ્રહ થાય છે જીવન તો સતત ચાલતું રહેવું જોઈએ. અનુકરણ તથા કોઈનું અનુસરણ પણ ઘાતક બને છે. અનુકરણ 'સ્વ'નો અનાદર થાય છે. બીજાના અનુભવો આપણા પર લાદવાથી કોઈ લાભ થતો નથી. આપણી પોતાની વિવેક દૃષ્ટિ ખીલે તે જરૂરી છે.

ગીતામાં આપણા બે મહાન આચાર્યોના વિચારોની ગ્રંથણી છે. બીજા અધ્યાયના આત્મ તત્વને લગતા શ્લોકો શ્રીમદ્ શંકરાચાર્યજીના અદ્વૈત સિદ્ધાંત સમજાવે છે. બ્રહ્મ સત્યને જગત મિથ્યાં એ સૂત્રનો સંદર્ભ આ શ્લોક સાથે જોડાયેલો છે જે ક્ષણિક છે. વિનાશી છે તે આ દેહ છે તેનું કાંઈ પણ મહત્તા નથી. જે અવિનાશી છે શાશ્વત છે તે આપણો આત્મા જ બ્રહ્મ છે તેની જ સર્વ સત્તા છે. તેને પામવા એ જ જીવનનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.